## સિક્કાના વિતરણ માટે આરબીઆઇ એજન્સીઝને આવકારે છે.

**29 ઓગષ્ટ, 2002**

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા પ્રયોગાત્મક ધોરણે સિક્કાના વિતરણ માટે એજન્સીઝને એપ્લિકેશન માટે આમંત્રે છે. આ માટે રિઝર્વ બેંક એજન્સીઝને સર્વિસ ચાર્જ ચૂકવશે. પોતાના કાઉન્ટર પરથી સિક્કાની દરેક બેગ દીઠ રૂ. 250 સર્વિસ ચાર્જ આપશે. એજન્સીઓએ સિક્કા લોકોને તે જ કિંમતે વહેંચવાના રહેશે તેમાં તેમનો કોઇ ચાર્જ કે કમિશન રહેશે નહીં. સિક્કા રૂ. 1, 2, 5 અને 25 તથા 50 પૈસાની રકમમાં રહેશે.

જાહેર ક્ષેત્ર હેઠળ આવતી એજન્સીઓ, સહકારી બેંકો, રિજીયોનલ રૂરલ બેંકો, પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય / પ્રાદેશિક સામાજીક સંસ્થાઓ (સરકારમાન્ય) તેમના ગ્રાહકો / લોકોને સિક્કા વહેંચવા માટે સંપર્ક કરી શકે. પસંદ થયેલી એજન્સીઓએ ચોક્કસ શરતો માન્ય રાખવી પડશે. રિઝર્વ બેંકના કાઉન્ટર પરથી સિક્કાની આખી બેગની કિંમત તે લેતી વખતે જ ચૂકવવાની રહેશે તે સહિતની શરતોનું પાલન કરવું જરૂરી છે. દરેક કોઇન બેગની કિંમત આ મુજબ છે.

| | |
|---|---|
| 25 પૈસા | રૂ. 1250 |
| 50 પૈસા | રૂ. 2500 |
| 1 – રૂ. | રૂ. 2500 |
| 2 – રૂ. | રૂ. 5000 |
| 5 – રૂ. | રૂ. 10000 |

રિઝર્વ બેંક એજન્સીઓને દર મહિને ખરેખર ઉપાડ થયેલા ચલણની બેગ દીઠ રૂ. 250 સર્વિસ ચાર્જ ચૂકવશે. હરેફેર તથા સુરક્ષાની વ્યવસ્થા જે–તે એજન્સીએ પોતાના ખર્ચે કરવાની રહેશે.

રિઝર્વ બેંક પ્રારંભિક તબક્કે છ મહિના માટે આ સગવડ આપશે પછીથી પસંદગીના ઉચ્ચ ધોરણોને આધારે તેમાં વધારો થઇ શકશે. એજન્સીના ટ્રેક રેકોર્ડ પરથી તેની પસંદગી કરવામાં આવશે. બેંક કે સંસ્થાના પ્રારંભિક તબક્કાના ખરેખર વિતરણ કરેલા સિક્કાના જથ્થા અને પરફોર્મન્સને આધારે સમય મર્યાદા પૂર્ણ થતા તેને લંબાવાશે. રિઝર્વ બેંકને કોઇપણ સમયે એક મહિનાની નોટીસ આપી આ સુવિધા બંધ કરવાનો અધિકાર છે. આ યોજનાના દરેક નિર્ણયો રિઝર્વ બેંકના હાથમાં રહેશે.

રસ ધરાવતી સંસ્થાઓએ અમદાવાદ, બેંગલોર, ભોપાલ, ભુવનેશ્વર, ચંડીગઢ, ચેન્નાઇ, ગૌહાટી, હૈદરાબાદ, જયપુર, જમ્મુ, કાનપુર, કોલકાત્તા, નાગપુર, નવી દિલ્હી, મુંબઇ, નવી મુંબઇ (બેલાપુર), પટણા, તિરૃવનન્તપુરમ ખાતે ક્ષેત્રીય નિર્દેશકનો અથવા મુખ્ય મહા પ્રબંધક, ડિપાર્ટમેન્ટ ઓફ કરન્સી મેનેજમેન્ટ, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા, સેન્ટ્રલ ઓફિસ, મુંબઇ 400 001 નો સંપર્ક સાધવો.

રિઝર્વ બેંકે વધુ લોકો સુધી સિક્કાના વિતરણ માટે મુંબઇના ટપાલ તંત્ર સાથે ટાઇઅપ કર્યું છે. પોસ્ટ ઓફિસ મારફત મહારાષ્ટ્ર, ગોવા અને હિમાચલ પ્રદેશ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન, હિમાચલ પ્રદેશમાં સિક્કા વિતરણ કર્યું છે.

**અલ્પના કિલ્લાવાલા**
**મહા પ્રબંધક**

**પ્રેસ રિલીઝ : 2002–2003/230**